# અરનબ - અક્ષય કી જોડી જમ ગઇ યાર!

## ફચફડાની દુનિયા

પી. સી. કાપડિયા



અગાઉ રાજકપૂર અને મુકેશની જોડી અભિનેતા-ગાયક તરીકે પ્રખ્યાત થઇ હતી તો છેલ્લે કિશોરકુમાર અને રાજેશ ખન્ના એકમેકના પર્યાય બન્યા હતા. હવે અરનબ ચક્રવર્તી અને અક્ષયકુમારની જોડી બની રહી હોવાનું ચર્ચાઇ રહ્યું છે. આ જોડીની શરૂઆત વરસ અગાઉ ખાકીથી થઇ હતી.

આ ફિલ્મમાં અક્ષય માટે વાદા રહા પ્યાર સે પ્યાર કા ગીત ગાનાર અરનબ પાછો લાઇમલાઇટમાં આવ્યો છે. ખાકી બાદ લગભગ બે વરસ બાદ પાછા ફરેલા અરનબે અક્ષય માટે જ ફેમિલીના ત્રણ ગીતો ગાયા છે. આ ત્રણ ગીતોમાં એક પાર્ટી સોંગ છે. બીજું ફેમિલી સોંગ છે અને ત્રીજું ગીત અક્ષયની રેસ્ટોરાંની જાહેરાત કરતું હોય એવું ગીત છે. હકીકતમાં આ ગીત રેસ્ટોરાંમાં મળતી વાનગીઓનું મેનું છે.

પંદર વરસની ઉંમરે જિંગલ્સ અને રિમિક્સ આલબમ દ્વારા કારકિર્દીની શરૂઆત કરનાર એના પહેલા જ ગીત માટે ઝી સિને એવોર્ડ્સમાં શ્રેષ્ઠ મેલ સિંગરનું નોમિનેશન મળ્યું હતું.

અત્યારે અરનબ એના સોલો આલબમની તૈયાર કરી રહ્યો છે. એ કહે છે કે એના નવા આલબમમાં રિમિક્સ નહીં હોય પણ એના આઠેય ગીતો ઓરિજિનલ હશે જે કલાસ માસ અને યુવાનોને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવશે. અરનબની ફેમિલી હિટ થશે કે નહીં એ તો સમય કહેશે પણ એણે ગાયેલું કતરા... કતરા... ટોપટેનમાં ધૂમ મચાવી રહ્યું છે.